

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-35 ■ તા. 27-08-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## મદુરાઈ પાસે યાત્રી ટ્રેનના કોચની અંદર આગ લાગવાથી ૯ જેટલા લોકો જીવતા ભૂંજાયા




ચેન્નાઈ,તા.૨૬

તમિલનાડુના મદુરાઈ રેલવે સ્ટેશન પર શનિવારે વહેલી સવારે મોટી દુર્ઘટના ઘટી. અહીં એક યાત્રી ટ્રેનના કોચની અંદર આગ લાગવાથી ૯ જેટલા લોકો જીવતા ભૂંજાયા. આ ઉપરાંત અન્ય ૨૦ જેટલા લોકો ઘાયલ થયા હોવાના સમાચાર છે. રેલવે સૂત્રોએ જણાવ્યું કે આ ઘટના લખનઉ-રામેશ્વરમ એક્સપ્રેસમાં ઘટી. તમામ આઠ પીડિતો યુપીના રહીશ હોવાનું કહેવાય છે. મળતી માહિતી મુજબ જે કોચમાં આગ લાગી તેમાં કુલ ૫૫ મુસાફરો હતા.

મળતી માહિતી મુજબ મદુરાઈ રેલવે સ્ટેશન પર યાત્રી ટ્રેનના એક કોચમાં અચાનક ભીષણ આગ લાગી. આગ સવારે ૫.૧૫ વાગ્યાની આજુબાજુ લાગી. મદુરાઈના ડિસ્ટ્રિક્ટ કલેક્ટરે પુષ્ટિ કરતા કહ્યું કે ૯ લોકોના મોત થયા છે. ૨૦ લોકો ઘાયલ થયા છે જેમને મદુરાઈની ગવર્મેન્ટ રાજાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યાં મુજ આગ લાગવાની ઘટનાની સૂચના લગભગ ૫.૧૫ વાગે મળી જ્યારે ટ્રેન મદુરાઈ યાર્ડ જંક્શન પર ઊભી હતી. રેલવેના જણાવ્યાં મુજબ કેટલાક પેસેન્જરો ગેરકાયદેસર રીતે ગેસ સિલિન્ડર લઈને કોચમાં ઘૂસી ગયા હતા. રેલવેના જણાવ્યાં મુજબ કોઈ પણ જ્વલનશીલ પદાર્થ રેલવે કોચમાં લઈને જવાની કડક મનાઈ છે. જે કોચમાં આગ લાગી તે એક પ્રાઈવેટ કોચ હતો. રેલવેના જણાવ્યાં મુજબ સ્ટેશન અધિકારી દ્વારા ૨૬-૮-૨૩ના રોજ સવારે ૫.૧૫ વાગે મદુરાઈ યાર્ડમાં ખાનગી પાર્ટી કોચમાં આગ લાગવાની સૂચના આપવામાં આવી. તરત ફાયર સર્વિસને સૂચના આપવામાં આવી અને ફાયર ટેન્ડર અહીં ૫.૪૫ વાગે પહોંચ્યા. ૭.૧૫ વાગે આગ બૂઝાઈ લેવામાં આવી. કોઈ અન્ય કોચને કોઈ નુકસાન થયું નથી. આ એક ખાનગી પાર્ટી કોચ છે જેને કાલે નાગરકોઈલ જંક્શન પર જોડવામાં આવ્યો હતો. પાર્ટી કોચને અલગ કરીને મદુરાઈ સ્ટેબલિંગ લાઈન પર રાખવામાં આવ્યો છે. આ આગન લાગવાની ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં જોવા મળે છે કે કોચમાં ભીષણ આગ લાગી છે અને આસપાસ કેટલાક લોકો બૂમો પણ પાડી રહ્યા છે. આ દરમિયાન નજીકના રેલવે ટ્રેક પરથી એક ટ્રેન પણ પસાર થઈ રહી છે. ફાયર વિભાગે ઘટના સ્થળે પહોંચી ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. આ દરમિયાન ટ્રેનનો કોચ ખરાબ રીતે બળીને ખાખ થયેલો જોવા મળે છે.

રેલવેના જણાવ્યા અનુસાર, સ્ટેશન ઓફિસર દ્વારા આજરોજ સવારે ૫.૧૫ વાગ્યે ટ્રેનના કોચમાં આગ લાગવાની જાણ થતા તાત્કાલિક ફાયર સર્વિસને જાણ કરવામાં આવી હતી અને ફાયર ટેન્ડર ૫.૪૫ વાગ્યે અહીં પહોંચ્યા હતા. ૭.૧૫ વાગ્યે આગ બુઝાવી દેવામાં આવી હતી. અન્ય કોચને કોઈ નુકસાન નથી. આ એક પ્રાઈવેટ પાર્ટી કોચ છે જે ગઈકાલે નાગરકોઈલ જંક્શન ખાતે જોડવામાં આવ્યો હતો. પાર્ટીના કોચને અલગ કરીને મદુરાઈ સ્ટેબલિંગ લાઇન પર રાખવામાં આવ્યા છે. ખાનગી પાર્ટીના કોચમાં મુસાફરો ગેરકાયદેસર રીતે ગેસ સિલિન્ડર લઈ જતા હતા અને તેના કારણે આગ લાગી હતી. આગની જાણ થતા ઘણા મુસાફરો કોચમાંથી બહાર નીકળી ગયા હતા. કેટલાક મુસાફરો પ્લેટફોર્મ પર જ નીચે ઉતરી ગયા હતા. પ્રાઈવેટ પાર્ટી કોચમાં મુસાફરો ગેસ સિલિન્ડરને ગેરકાયદેસર રીતે લઈ જઈ રહ્યા હતા અને આ કારણે આગ લાગી. આગ લાગવાની સૂચના પર અનેક મુસાફરો કોચમાંથી બહાર નીકળી ગયા હતા. કેટલાક મુસાફરો પ્લેટફોર્મ ઉપર જ ઉતરી ગયા હતા. અત્રે જણવવાનું કે કોઈ પણ વ્યક્તિ આઈઆરસીટીસી પોર્ટલ દ્વારા પાર્ટી કોચ બુક કરાવી શકે છે. તેને ગેસ સિલિન્ડર જેવી કોઈ પણ જ્વલનશીલ વસ્તુ લઈ જવાની મંજૂરી હોતી નથી.

## મહાનગરોમાં ઘર ચલાવવું મોંઘું, ખાદ્ય ફુગાવો ૧૭ ટકાથી વધુ

નવીદિલ્હી,તા.૨૬

આજકાલ ટામેટાંથી લઈને ડુંગળી અને કઠોળથી લઈને અનાજ સુધીની દરેક વસ્તુ મોંઘી થઈ રહી છે. ખાધપદાર્થોની વધતી કિંમતોને કારણે મેટ્રો શહેરોમાં પરિવારને ખવડાવવું મોંઘુ થઈ ગયું છે. એક વિશ્લેષણ રિપોર્ટમાં આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે, જેમાં જાણવા મળ્યું છે કે નોન-મેટ્રો શહેરોની તુલનામાં મોટા અને મેટ્રો શહેરોમાં પરિવારનું ભરણપોષણ કરવું વધુ મુશ્કેલ બન્યું છે.

આ વિશ્લેષણ જુલાઈ ૨૦૨૨અને જુલાઈ ૨૦૨૩ વચ્ચે શહેરી અને બિન-શહેરી વિસ્તારોને ધ્યાનમાં રાખીને આવશ્યક ખાધ પદાર્થો માટે તૈયાર કરવામાં આવેલા બિલ પર આધારિત છે. તેમાં એક પરિવારમાં બે પુખ્ત વયના લોકો અને બે બાળકો દ્વારા સામાન્ય રીતે ખાવામાં આવતી ખાધ વસ્તુઓનો ડેટા શામેલ છે. એવું જાણવા મળ્યું કે મોટા શહેરોમાં પરિવારનું ભરણપોષણ કરવું વધુ પડકારજનક છે.

રાષ્ટ્રીય સ્તરે, છેલ્લા વર્ષોમાં ખાધ ફુગાવાનો દર ૧૨.૪૫% હતો. યારે દિલ્હી અને ચેન્નાઈમાં આ દર ૧૮% યારે મુંબઈમાં આ દર સૌથી વધુ ૨૧% નોંધાયો હતો. આ સંદર્ભમાં નિષ્ણાતોનું કહેવું છે કે મોટા શહેરોમાં ખાધપદાર્થોની મોંઘવારી વધવાનું કારણ પસંદગીના ઉત્પાદનોના સપ્લાયમાં સમસ્યા હોઈ શકે છે. મેટ્રો શહેરોમાં લોજિસ્ટિક્સ ખર્ચ મોંઘો છે, સાથે જ અહીં રહેતા સેલરનું માર્જિન પણ વધારે છે. આ તમામ ખર્ચની કિંમત વેપારી ગ્રાહક પાસેથી વસૂલ કરે છે. ખાધપદાર્થોની કિંમતો વધુ હોવાથી લોકોનું બજેટ ખોરવાઈ ગયું છે. તેઓ તેમની આદતો બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે.

થોડા દિવસો પહેલા ટામેટાંના ભાવ વધારાને કારણે લોકો ખૂબ જ પરેશાન હતા. જુલાઈમાં, ટામેટાં બીજા નંબરની સૌથી મોંઘી ખાધ સામગ્રી હતી જે દરેક ભારતીય સામાન્ય રીતે ખરીદે છે. વર્ષ ૨૦૨૨માં યાં એક કિલો ટમેટાની સરેરાશ કિંમત ૩૬પિયા હતી, ત્યાં વર્ષ ૨૦૨૩માં તેની કિંમત વધીને ૧૨૭પિયા પ્રતિ કિલોથી વધુ થઈ ગઈ છે. જેમાં લગભગ ૨૪૮%નો વધારો જોવા મળ્યો હતો. આ સિવાય ચોખા અને ઘઉં ત્રીજા અને ચોથા એવા ખાધ પદાર્થો રહ્યા જે જુલાઈ ૨૦૨૩માં સૌથી મોંઘા હતા. જો કે, દરમિયાન, આ વર્ષે તમામ મુખ્ય ખાધતેલોમાં ઘટાડો જોવા મળ્યો હતો.

## મધ્યપ્રદેશમાં મંત્રીમંડળનું વિસ્તરણ: ઉમા ભારતીના ભત્રીજાનો સમાવેશ

ભોપાલ,તા.૨૬

: મધ્ય પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી આ વર્ષના અંતમાં થવાની છે, ત્યારે મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું છે. તેમણે ત્રણ મંત્રીઓને સામેલ કરીને પોતાના મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું હતું. વિંધ્ય ક્ષેત્રના રાજેન્દ્ર શુક્લા અને મહાકૌશલ ક્ષેત્રના ગૌરીશંકર બિસેન તથા બંદેલખંડના રાહુલ લોધીએ રાજ્ય મંત્રી પદના શપથ લીધા હતા. ભોપાલમાં રાજભવનમાં રાજ્યપાલ મંગુભાઈ પટેલે ત્રણે ધારાસભ્યોને મંત્રીપદની શપથ લેવડાવ્યા હતા.



મુખ્ય પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણનો હાલનો કાર્યકાળ માર્ચ, ૨૦૨૦થી શરૂ થયો હતો. ધ્યાન ખેંચે એવી વાત એ છે કે બુંદેલખંડ ક્ષેત્રના ટિકમગઢ જિલ્લાના ખરગાપુરથી પહેલી વાર વિધાનસભ્ય બનેલા લોધીને રાજ્ય મંત્રી બનાવવામાં આવ્યા છે. લોધી ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ ઉમા ભારતીના ભત્રીજા છે.તેમણે શપથ લીધા બાદ કહ્યું કે હતું પાર્ટીએ અમારા ઉપર જે વિશ્વાસ દેખાડ્યો છે. તેના માટે અમે બુંદેલખંડમાં જેટલો સંભવ હોય એટલા પ્રયત્નો કરીશું. સારા પ્રદર્શન માટે દોઢ મહિનો જ કાફી છે. સીએમએ યોગ્ય સમય પર નિર્ણય લીધો છે. અમે અમારો સર્વશ્રેષ્ઠ પ્રયત્ન કરીશું. અમારી પ્રાથમિક્તા બુંદેલખંડને મજબૂત કરવા અને તેનો વિકાસ કરવાની છે. હું ૧૫૦ સીટો જીતવાના પાર્ટીના લક્ષ્યની દિશામાં પ્રયત્ન કરીશ. આ સાથે નવનિયુક્ત મંત્રી રાજેન્દ્ર શુક્લએ કહ્યું હતું કે અમે નજર રાખીશું અને સુનિશ્ચિત કરીશું કે બધા વિકાસ કાર્ય અને જન્મ કલ્યાણ યોજનાઓ નીચે સુધી પહોંચે. જ્યારે મંત્રી ગૌરીશંકર બિસેને કહ્યું હતું કે અમારી પ્રાથમિક્તા રાજ્યના વિકાસ અને લોકોના કલ્યાણ કરવાનો છે.

## જો મને તક મળશે તો હું કોંગ્રેસ અધ્યક્ષ બનવા માંગુ છું, આ પદ મુખ્યમંત્રી કરતા ૧૦૦ ગણું મોટું છે : ગેહલોત

જયપુર,તા.૨૬

રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, સ્થિતિ એવી બની ગઈ કે હું કોંગ્રેસ અધ્યક્ષ બની શક્યો નહીં. તે મુખ્યમંત્રી કરતાં ૧૦૦ ગણું મોટું પદ છે. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે, કોંગ્રેસમાં હાઈકમાન્ડ જ લોકોને મુખ્યમંત્રી અને મંત્રી બનાવે છે. પરંતુ આ બધી ભવિષ્યની બાબતો છે.

અશોક ગેહલોતે ફરી પુનરોચ્ચાર કર્યો કે, મેં સચિન પાયલટને કેન્દ્રીય મંત્રી બનાવવામાં સહકાર આપ્યો હતો. રાજસ્થાનમાં સીએમ ચહેરા માટે ભાજપમાં ચહેરાના અભાવના પ્રશ્ન પર, સીએમએ કહ્યું- અમારી માટે મોટી સમસ્યા એ છે કે કોઈ ચહેરો નથી. કોના પર હુમલો કરવો? ભાજપ પાસે ચહેરો પણ નથી. આપણે આપણો અભિગમ બદલવો પડશે. પરંતુ મને લાગે છે કે જનતા આ વખતે અમને બીજી તક આપવાના મૂડમાં છે.

સીએમ ગેહલોતે કહ્યું- કોંગ્રેસ હાઈકમાન્ડ જ સીએમ અને



મંત્રી બનાવે છે. સચિન પાયલટના સવાલ પર ગેહલોતે કહ્યું- જ્યારે સચિન કેન્દ્રીય મંત્રી બન્યા ત્યારે મેં સહકાર આપ્યો હતો. અમે રાજસ્થાનમાં લોકસભાની ૨૦ બેઠકો જીતી હતી. જ્યારે મને પૂછવામાં આવ્યું ત્યારે મેં સચિન પાયલટનું નામ સૂચવ્યું હતું. કારણ કે પાયલોટ ગુર્જર સમુદાયમાંથી છે અને ત્યારબાદ વસુંધરા સરકારમાં આંદોલનકારી ગુર્જરોને ગોળી મારી દેવામાં આવી હતી. તે સમયે ગુર્જર અને મીના સમાજ વચ્ચે તણાવ હતો. કોંગ્રેસમાં હાઈકમાન્ડ જ લોકોને મુખ્યમંત્રી અને મંત્રી બનાવે છે. આ અમારી પાર્ટીની શિસ્ત છે અને આ બધી ભવિષ્યની બાબતો છે.

એક અંગ્રેજી અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં સીએમ ગેહલોતે કહ્યું કે, એ ખોટી માન્યતા છે કે હું મુખ્યમંત્રી જ રહેવા માંગતો હતો, તેથી જ મેં હોદ્દો છોડ્યો નથી અને કોંગ્રેસ અધ્યક્ષ નથી બન્યો. સોનિયા ગાંધી જાણે છે કે સત્ય શું છે. હું આ મામલે વધુ આગળ જવા માંગતો નથી. અમે બધા સાથે મળીને ચૂંટણી લડવા માંગીએ છીએ. જો કે હું કોંગ્રેસ અધ્યક્ષ બનવા માંગુ છું.

## જમ્મુ-કાશ્મીરમાં મહિલા સહિત ૨ આતંકીઓની ધરપકડ: અનેક હથિયારો મળી આવ્યા; આતંક ફેલાવવા માટે ૪૭ લાખ રૂપિયા મળ્યા હતા

બાંદીપોરા,તા.૨૬

જમ્મુ અને કાશ્મીર પોલીસે આસામ રાઈફલ્સ અને સીઆરપીએફની મદદથી બાંદીપોરા જિલ્લામાં એક આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. આ ઓપરેશનમાં એક મહિલા સહિત બે આતંકીઓની ધરપકડ કરવામાં આવી હતી. સાથે જ એકે-૪૭ સહિત અનેક હથિયારો પણ મળી આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે એક આરોપી પાકિસ્તાન સ્થિત હેન્ડલર મુશ્તાક અહમદ મીરના સંપર્કમાં હતા. તેમને આતંકને ફેલાવવા માટે ૪૭ લાખ રૂપિયા પણ મળ્યા હતા. અહેમદ મીર ૧૯૯૯માં પાકિસ્તાન ગયો હતો.અધિકારીઓએ જણાવ્યું કે ૨૫ ઓગસ્ટે એક હાઈબ્રિડ આતંકવાદી વિશે માહિતી મળી હતી. આ પછી વિસ્તારમાં ચેકપોઈન્ટ બનાવવામાં આવી હતી. આ ચેકપોઈન્ટ પરથી એક વ્યક્તિએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જેને સુરક્ષાકર્મીઓએ પકડી લીધો હતો. વ્યક્તિ પાસેથી એક પિસ્તોલ, એક પિસ્તોલ મેગેઝિન, ૮ રાઉન્ડ અને અન્ય ગુનાહિત સામગ્રી મળી આવી હતી. આરોપીની ઓળખ શફાયાત ઝુબેર તરીકે થઈ છે.

બાંદીપોરામાં આતંકવાદને ફેલાવવા માટે ઝુબૈરને ૪૭ લાખ રૂપિયા મળ્યા હતા. ઝુબૈર વર્ષ ૨૦૦૦માં કોઠીબાગ આઈઈડી બ્લાસ્ટમાં પણ સામેલ હતો. આ વિસ્ફોટમાં ૧૨ પોલીસકર્મીઓ સહિત ૧૪ લોકોના મોત થયા હતા. તેના પર ૨૦૦૯માં સેનાના વાહનને સળગાવવાનો પણ આરોપ છે. આ કેસમાં તે જામીન પર બહાર છે. ઝુબૈરે પૂછપરછ દરમિયાન જણાવ્યું કે તે મુનિરા બેગમ નામની મહિલા પાસે હથિયારોની ડિલિવરી લેવા જતો હતો.

## ચંદ્ર મિશનની સફળતા બાદ ઈસરો 'આદિત્ય-એલ-૧' સૂર્ય મિશન માટે તૈયાર છે

બેંગ્લુરૂ,તા.૨૬

ચંદ્ર મિશનની સફળતા પછી, ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) સૂર્યનો અભ્યાસ કરવા માટે સંભવતઃ ૨ સપ્ટેમ્બરે સૂર્ય મિશનના પ્રક્ષેપણની તૈયારી કરી રહ્યું છે. 'આદિત્ય-એલ૧' અવકાશયાન સૌર કોરોના (સૂર્યના સૌથી બહારના સ્તરો)ના દૂરસ્થ અવલોકન માટે અને એલ-૧ (સૂર્ય-પૃથ્વી લેગ્રેંજિયન બિંદુ) પર સૌર પવનના સીટુ અવલોકન માટે બનાવવામાં આવ્યું છે.એલ-૧ પૃથ્વીથી લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર છે.સૂર્યનું અવલોકન કરવા માટેનું તે પ્રથમ સમર્પિત ભારતીય અવકાશ મિશન હશે, જે સ્પેસ એજન્સી ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવશે. આદિત્ય-એલ૧ મિશનનો ધ્યેય એલ-૧ની આસપાસની ભ્રમણકક્ષામાંથી સૂર્યનો અભ્યાસ કરવાનો છે. અવકાશયાન સાત પેલોડ વહન કરશે જે વિવિધ તરંગ બેન્ડમાં ફોટોસ્ફિયર, ક્રોમોસ્ફિયર (સૂર્યની દશ્યમાન સપાટીની ઉપર) અને સૂર્યના સૌથી બહારના સ્તર (કોરોના)નું અવલોકન કરવામાં મદદ કરશે.ઈસરોના એક અધિકારીએ જણાવ્યું હતું કે, આદિત્ય-ન્૧ એ રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે ભાગીદારીમાં સંપૂર્ણ સ્વદેશી પ્રયાસ છે. બેંગલુરુ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એસ્ટ્રોફિઝિક્સે વિઝિબલ એમિશન લાઈન કોરોનાગ્રાફ પેલોડના નિર્માણ માટે અગ્રણી સંસ્થા છે. જયારે ઈન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ, પૂણેએ મિશન માટે સોલર અલ્ટ્રાવાયોલેટ ઈમેજર પેલોડ વિકસાવ્યું છે.આદિત્ય-એલ ૧ અલ્ટ્રાવાયોલેટ પેલોડનો ઉપયોગ કરીને અને એક્સ-રે પેલોડનો ઉપયોગ કરીને જવાળાઓનું નિરીક્ષણ કરીને કોરોના અને સૌર રંગમંડળ પર માહિતી પ્રદાન કરી શકે છે. પાર્ટિકલ ડિટેક્ટર અને મેગ્નેટોમીટર પેલોડ એલ-૧ ની આસપાસ બાહ્ય ભ્રમણકક્ષા સુધી પહોંચતા ચાર્જ થયેલા કણો અને ચુંબકીય ક્ષેત્ર વિશે માહિતી પ્રદાન કરી શકે છે.આ અવકાશયાન બેંગ્લોરમાં યુઆર રાવ સેટેલાઈટ સેન્ટરમાં તૈયાર કરવામાં આવ્યું છે અને બે અઠવાડિયા પહેલા તે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં ઈસરોના સ્પેસપોર્ટ પર પહોંચ્યું હતું.ઈસરોના એક અધિકારીએ જણાવ્યું કે, લોન્ચિંગ ૨ સપ્ટેમ્બરે થવાની સંભાવના છે.

## તંત્રી લેખ......

# વિશ્વને વિસ્મયમાં મૂકનાર સિદ્ધિઓ

ફકત ભારત જ નહીં પરંતુ વિશ્વના ઈતિહાસમાં ૨૩ ઓગસ્ટ,૨૦૨૩ની તારીખ સ્વર્ણિમ અક્ષરોથી અંકિત થઇ છે. ભારતીય અંતરિક્ષ એજન્સી ઈસરોએ ચંદ્રમામાના દિક્ષણી ધ્રુવ પર સોફટ લેન્ડિગ કરનાર વિશ્વના પ્રથમ દેશના રૂપમાં ભારતને પ્રતિષ્ઠિત કર્યુ છે.

અમેરિકી અંતરિક્ષ એજન્સી-નાસાના શરુઆતના ચંદ્ર અભિયાન અસફળ રહ્યાના અનેકો દાખલાઓ અને તાજેતરમાં રશિયાની અંતરિક્ષ એજન્સી-રાસકાસમાસના યાન લૂના-૨૫નું ચંદ્ર પર ક્રેશ લેન્ડિંગ જેવી ઘટનાઓને ધ્યાને લઇએ તો ઈસરોએ ચંદ્રયાન-૩નું કરાવેલ સફળ લેન્ડીંગ અભૂતપૂર્વ છે. ચંદ્રના સૌથી મુશ્કેલ વિસ્તાર દિક્ષણી ધ્રુવ પર ચંદ્રયાનને કુશળતાપૂર્વક કરાયેલ સોફટ લેન્ડિંગ એ બાબતનું નોંધનીય ઉદાહરણ છે કે દૃઢ ઈરાદા, સમજદારી અને ભૂતકાળમાંથી શીખ લઈને હાથ ધરાયેલ સલામતીના બળ પર મોટી વૈજ્ઞાનિક સિદ્ધિઓ હાંસલ કરી શકાય છે. ચંદ્રયાનની આ સફળતાએ અંતરિક્ષ કાર્યક્રમોમાં અમીર-ગરીબનો ભેદરેખા ભૂંસી નાંખી છે. જો નાણાં અને તાકાત જ ચંદ્રને હાંસલ કરવાના માનક હોત તો રશિયાનું યાન ક્રેશ ન થયું હોત.

ચંદ્રયાન-૩ની ચંદ્રના દિક્ષણી ધ્રુવ પર સોફટ લેન્ડિંગ ઐતિહાસિક સિદ્ધિ છે, પરંતુ તેની પાછળની વર્ષોની તૈયારી, શીખ અને ધૈર્યની મહત્વની ભૂમિકા રહી છે. ઈસરોનું અગાઉનું ચંદ્રયાન-૨ અભિયાન કેટલાક અંશે નિષ્ફળ રહયું હતું. સપ્ટેમ્બર, ૨૦૧૯માં તેની ક્રેશ લેન્ડિગે દરેક ભારતવાસીના હૃદયને ઠેસ પહોંચાડી હતી. પરંતુ ભારતના વિજ્ઞાની ચંદ્રયાન-૨ની નિષ્ફળતામાંથી પણ એક પાઠ શીખ્યા હતા.

સત્યતા એ હતી કે ચંદ્રયાન-૨ની અસફળતાએ ભાવિ અંતરિક્ષ કાર્યક્રમો અંગે ભારતના વૈજ્ઞાનિકો સમક્ષ સવાલ સર્જયા હતા. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આલોચકો કહી રહ્યા હતા કે, અંતરિક્ષમાં અમેરિકા, રશિયા અને ચીનની બરાબરીનું અભિયાન છેડતા અગાઉ ભારતે ગરીબી, બેરોજગારી જેવી પરેશાનીભર્યા મુદ્દાનો ઉકેલ શોધવો જોઈએ.

## પત્રાવળી-૮




રવિવારની સવાર

પત્રાવળીની પંગત અને સંગતના સંગી,

આ પત્રાવલિ શબ્દે તો જાણે કંઈ કેટલા સંદર્ભો ખોલી આપ્યા. આજ સુધી ભુલાઈ ગયેલા આ શબ્દે તો જાણે અતીતના દરવાજા ખોલી નાખ્યા.

દેવિકાબેન, તમે કહો છો તેમ કહેવતો તો ઘર આંગણાની શાળા હતી. નાનાં હતાં ત્યારે દાદી-નાની પણ કોઈ વાત સહેલાઈથી સમજાવવા માટે કહેવતોનો જ આશરો લેતાં હતાં ને? કહેવતોમાં થોડામાં ઘણું સમજાવી દેવાની વાત હતી. એવુંય બનતું કે દાદી- નાનીની વાતોમાં આવતી કહેવતોમાં અપભ્રંશ થયેલા શબ્દો સરળતાથી પોતાનું સામ્રાજ્ય જમાવીનેબેઠા હોય. આજે પણ ગુજરાતીમાં કેટલાય અપભ્રંશ થયેલા શબ્દો હશે જે આપણી વાતમાં અજાણતાં જ ગૂંથાઈ જાય છે.

આ કાણા મામા પાછળના કહેણા મામાની વાત કરી ને? બિચારા મામા! મા અક્ષરમાં બીજો મા ઉમેરાય ત્યારે જઈને એ વહાલસોયો શબ્દ મામા બને, પણ કહેવતોએ તો મામાનેય કાણો કરી દીધો!એવી જ રીતે કહું તો પત્રાવલિ શબ્દ પણ ક્યાં રોજિંદા ચલણમાં હતો ? પત્રાવલિનાં બદલે પતરાળી જ સાંભળતાં આવ્યા હતા ને? કદાચ પત્રાવલિ શબ્દ તો એ પતરાળીમાં પીરસનારા અને ખાનારાને પણ જરા ભારભર્યો લાગતો હશે, નહીં?

આજે પત્રાવલિના અપભ્રંશ થયેલા પતરાળી શબ્દે મને એક ખૂબ રમૂજી વાત આજે યાદ આવી. વાત તો જૂની લગભગ ૪૦ વર્ષ પહેલાંની છે. અમારા ઘરની બાજુમાં રહેતા વડીલદાદાનું અવસાનથયું ત્યારે એમના તેરમા નિમિત્તે અમારે એ સાંધ્ય ભજન અને ભોજનમાં એમના પરિવાર સાથે જોડાવાનું હતું. ભજન સુધી તો બધું બરાબર રહ્યું, પણ ભોજન પીરસાયું ત્યારે અમારા માટે જરા મુશ્કેલી ઊભી થઈ. નીચે જમીન પર બેસીને પતરાળીમાં પીરસાયેલીઅનેક વાનગીઓ જોઈને અને સાચે જ ભૂખ પણ લાગી એટલે સ્વાભાવિક રીતે મ્હોંમાં પાણી આવ્યું.લાડુ, ફૂલવડી અને મેથીના ગોટા તો જાણે ખાઈ શક્યાં, પણ પડિયામાં પીરસાયેલી દાળ તો પુરી વગર કેવી રીતે ખવાય એની સમજ જ નહોતી પડતી. એય મઝાની ચૂલા પર ઉકળેલી દાળની સોડમથી મન તરબતર થઈ રહ્યું. આજે પણ એ દાળની સોડમ યાદ આવે તો પડિયામાંથી દાળખાતાં ન આવડવાની અણઘડતા પર હસવું આવે છે. બાજુમાં બેઠેલાં બા જે ટેસ્ટથી દાળમાં પાંચે આંગળીઓ બોળીને દાળના સબડકા બોલાવતાં રહ્યાં અને સાથે બોલતાં ગયાં કે દાળ તો આંગળા ચાટીએ એવી થઈ છે. પણ, એવી રીતે દાળ ખાતાં અમને તો ના ફાવ્યું તે ના જ ફાવ્યું.

આપણે રહ્યાં ગુજરાતી એટલે દાળ વગર દહાડો શરૂ ના થાય અને દાળની વાત આવે એટલે એની સાથે જોડાયેલી અનેક વાત યાદ આવે જ.

—કહે છે ને કે, દાળ બગડી એનો દહાડો બગડ્યો- જમવામાં બધું બરાબર હોય પણ દાળ આપણાં ટેસ્ટની ના હોય તો બાકીના જમણનીય મઝા મરી જાય અને કોઈવાર દાળ ટેસ્ટી હોય પણ ખાતાં ના આવડે તોય જમણની અડધી મઝા મરી જાયપ

—એવી રીતે દાળ બગડી એનો વરો બગડ્યો. – ટાણે અવસરે તો દાળ સબડકા બોલે એવી જ જોઈએ ને? ઘણીવાર એક સાથે બે કામો થઈ જાય ત્યારે ખુશ થઈને આપણે બોલીએ છીએ કે, ''દાળ ભેળી ઢોકળી પણ ચઢી ગઈ'. વળી સંગનો રંગ લાગે ત્યારે પણ નથી કહેતા કે, ''દાળના સંગે ચોખો નર મટી નારી થયો''?

– દાળભાતનાં સૌ ગુલામ. -જેનું અન્ન એના ગુણ ગવાય!

-'દાળમાં કંઈ કાળું છે'. આમ તો એ કોકમ જ હોય જેના લીધે દાળના સ્વાદમાં ઉમેરો થાય તેમ છતાં આપણે – કંઈક ગોટાળા કે વાતમાં કંઈક રહસ્ય માટે દાળમાં કાળા કોકમને કેવા સપાટામાં લઈએ છીએ નહીં?

-'દાળ રોટી પર શુકરાના કરવા'. એટલે કે, દાળ રોટલીથી ગુજરાન ચાલવું અથવા અન્ન દેવતાનો આભાર માનવો.

તો ચાલો, આજે અહીં આ આભાર શબ્દે વાચકોને પણ યાદ કરી લઈએ. વાચકમિત્રોએ આ પત્રાવલિને જે આવકાર આપ્યો છે એના માટે એ સૌનો પણ આભાર માનીને આ પત્રની પૂર્ણાહુતિ કરું?

અરે ! જતાં જતાં વળી આ પૂર્ણાહુતિ શબ્દથી મનમાં એક વિચાર રમતો થયો..

પૂર્ણાહુતિ તો મોટા ભાગે યજ્ઞ વગેરેની પૂર્ણતા દર્શાવતો શબ્દ છે અને પૂર્ણાહુતિ તો ત્યારે જ થાય જ્યારે શરૂઆત થઈ હોય. હોમ-હવન કે યજ્ઞની શરૂઆત ૐ થી થાય છે. જાણે આખું બ્રહ્માંડ એમાં સમાયું. તો પછી આ એકાક્ષરી એવા ૐ ને શબ્દ કહીશું કે અક્ષર? પવળી એમાંથી મનમાં પ્રશ્ન ઊભો થયો કે આ શબ્દો જેમાંથી સર્જાયા એવા અક્ષરોનુંય પ્રાધાન્ય તો ખરું જ ને? શું કહો છો?

રાજુલ કૌશિક


# ગાંધીનગરના પુન્દ્રાસણ ગામમાં ચાલતાં જુગારધામ પર પોલીસ ત્રાટકી, ૧૭ હજારની મત્તા સાથે ત્રણની ધરપકડ, ચાર ફરાર




ગાંધીનગરના પુન્દ્રાસણ ગામ બસ સ્ટેન્ડની પાછળ આવેલ જારવાળા ખેતરમાં ચાલી રહેલા જુગારધામનો એલસીબી - ૧ ની ટીમે પર્દાફાશ કર્યો હતો. એલસીબીની ટીમે ૧૭ હજારના મુદ્દામાલ સાથે સાત પૈકી ત્રણ જુગારીઓની ધરપકડ કરી છે. આ અંગે પેથાપુર પોલીસ મથકમાં સાતેય જુગારીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરાવી પોલીસ દ્વારા નાસી છુટેલા ચાર જુગારીને ઝડપી લેવા કવાયત હાથ ધરવામાં આવી છે.ગાંધીનગર એલસીબી - ૧નાં ઈન્સ્પેક્ટર દિવાનસિંહ વાળાની સૂચનાથી સ્ટાફના માણસો શ્રાવણ માસ દરમ્યાન જુગારની પ્રવૃતિઓ શોધી કાઢવાની દિશામાં કામગીરી કરી રહ્યા હતા. એ દરમ્યાન બાતમી મળી હતી કે, પુન્દ્રાસણ ગામના કિરણજી બબાજી ઠાકોર તથા રમેશજી ઉર્ફે ટીના દિવાનજી ઠાકોર બહારથી ખેલીઓ બોલાવીને બસ સ્ટેન્ડની પાછળ આવેલ જયંતીજી અરજણજી ઠાકોરના ઘરની બાજુમાં આવેલ જારવાળા ખેતરમાં જુગાર ધામ ચલાવી રહ્યા છે.જે બાતમીના આધારે એલસીબીની અલગ અલગ ટીમો ખાનગી વાહનમાં પુન્દ્રાસણ ગામ પહોંચી હતી અને વાહનો દૂર મૂકીને ચાલતાં ચાલતાં બાતમી વાળા ખેતરમાં ત્રાટકી હતી. આ દરમ્યાન જુગાર રમતાં ચાર ઈસમો પોલીસને દૂરથી જોઈને નાસી ગયા હતા. જ્યારે ત્રણ ઈસમોને પોલીસે ઝડપી પાડી પૂછતાંછ કરતાં તેમણે પોતાના નામ રમેશ ઉર્ફે ટીના દિવાનજી ઓખા ઠાકોર (રહે. ટીટોડા ગામ), વિજય જયંતી રામાજી ઠાકોર(રહે. સાણોદા, દહેગામ), રણજીત ઉર્ફે મકો પધાજી મથુરજી ઠાકોર (રહે. પુન્દ્રાસણ) હોવાનું જણાવ્યું હતું.જ્યારે નાસી ગયેલ ઈસમો કિરણ બબાજી ઠાકોર, મનુજી જવાનજી ઠાકોર, રાકેશજી અજમલજી ઠાકોર તથા વિપુલજી સુધાજી ઠાકોર (તમામ રહે, પુન્દ્રાસણ) હોવાની વધુમાં કબૂલાત કરી હતી. બાદમાં એલસીબીએ ત્રણેય જુગારીઓની અંગ ઝડતી લઈ અને દાવ પરથી કુલ રૂ. ૧૭ હજારની રોકડ તેમજ જુગારનું સાહિત્ય જપ્ત કરી પેથાપુર પોલીસ મથકમાં સાતેય જુગારીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

# ચ-૦થી કોબા હાઈવે ડસ્ટ ફ્રી બનશે, ફેન્સિંગ પણ ડિઝાઈનર રખાશે

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આ વખતે ૫ વર્ષ બાદ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ યોજાઇ રહી છે. સમિટમાં દેશ વિદેશના મહાનુભાવો અને અનેક દેશના વડા ગાંધીનગરના મહેમાન બનવાના છે ત્યારે ગાંધીનગર શહેર અને તેને જોડતા મુખ્ય રસ્તાઓના બ્યુટીફિકેશન પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. વાયબ્રન્ટ સમિટમાં આવનારા મહાનુભાવો અમદાવાદ એરપોર્ટથી કોબા- ચ-૦ થઈને ગાંધીનગરમાં પ્રવેશશે. આથી આ હાઈવેને ડસ્ટ ફ્રી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.




આમ તો આ હાઈવે માર્ગ અને મકાન વિભાગ હસ્તક છે પરંતુ મહાનગરપાલિકા બ્યુટીફિકેશન પ્રોજેક્ટમાં જોડાયું છે.હાલ કોબાથી ચ-૦ સુધીનો હાઈવે વીવીઆઈપી મૂવમેન્ટને ધ્યાને રાખીને જ બનાવવામાં આવ્યો છે. જેથી હાઈવે પર પશુઓ આવી ન જાય તે માટે બંને તરફ ફેન્સીંગ પણ બનાવવામાં આવી છે પરંતુ આ ફેન્સીંગ સાદી હોવાથી મહાનગરપાલિકા દ્વારા ડિઝાઈન ફેન્સીંગ નાખવામાં આવશે. જેનાથી આ હાઈવેને અલગ લૂક મળશે. રોડની બંને તરફ હાલ ખુલ્લી જગ્યા છે તે વિસ્તારમાં ધૂળ ઉડતી હોય છે. જેથી સર્વિસ રોડથી લઈને મુખ્ય રોડની બાજુમાં આવેલી ફૂટપાથ સુધી વિદેશી લોન નાંખવામાં આવશે. કોઈપણ જગ્યાએ માટી ન રહે તે રીતે લોન ઉગાડવામાં આવશે. આ સાથે ડિવાઈડર પર પણ કલરફૂલ પ્લાન્ટેશન કરવામાં આવશે જેથી અહીં આવનારા વિદેશી મહાનુભાવોને વિદેશમાં હોય તેવો જ નજારો જોવા મળશે.

## ગાંધીનગર ના અલુવાં ગામ માં એક ઘરના માળિયા માંથી ઝેરી કોબ્રા કુનેહ પૂર્વક પકડતા અનિરુદ્ધ સિંહ ચાવડા



**ગાંધીનગર જિલ્લાના આલુવાં ગામ માં હસમુખ ઠાકોર ના ઘર ની છાજલી ઉપર ખૂણામાં એક ખતરનાક ઝેરી કોબ્રા સાપ ભરાઈ ગયો હતો.આ બાબતે સાપ પકડવા વાળા સેવા આપતા શ્રી અનિરૂદ્ધ સિંહ ચાવડા નો નંબર સાપ પકડવા ના માહિર ગુરુ કહેવાય તેવા ગાંધીનગર વિધાનસભા માં ફરજ બજાવતા ધર્મેન્દ્ર ભાઈ ત્રિવેદી પાસે મળતા તેમનો ટેલીફોનીક સંપર્ક કરતા અનિરુદ્ધ સિંહ ચાવડા અલુવ ગામે પહોંચતા આવા ખતરનાક ઝેરી કોબ્રા ને પળ વાર માં કુનેહ પૂર્વક પકડી પાડી પ્લાસ્ટિક ની બરણી માં લઇ લેતા ઘરના સર્વે લોકો એ નિરાંત નો શ્વાસ લીધો હતો તેમજ સેવાભાવી શ્રી અનિરુદ્ધ સિંહ નો આભાર માન્યો હતો..**

# ગાંધીનગરની ભાદરોડા ચોકડીથી પીકઅપ ડાલામાંથી રૂ. ૧.૭૧ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે બે ઝડપાયા

ગાંધીનગર પેથાપુર પોલીસ મથકની હદ વિસ્તારમાં ભાદરોડા ચોકડીથી પીકઅપ ડાલામાંથી એલસીબી - ૨ ની ટીમે પૂર્વ બાતમીના આધારે વિદેશી દારૂની રૂ. ૧ લાખ ૭૧ હજારની કિંમતની ૪૬૫ બોટલો સાથે બે ઈસમોને ઝડપી પાડી કુલ રૂ. ૪.૮૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચ - ૨ ની ટીમ ખાનગી વાહનમાં રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિ વોચમાં નીકળી હતી. એ દરમિયાન બાતમી મળી હતી કે, મોડાસા તરફથી છોટાહાથી પીકઅપ ડાલુ (પ્લ-૦૭-૦૮૩૯) માં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી દહેગામ તરફ જનાર છે. જે બાતમી આધારે ભાદરોડા ચોકડી ખાતે વોચ ગોઠવી દેવામાં




આવી હતી.બાદમાં બાતમી મુજબનાં પીકઅપ ડાલાને ઈશારો કરીને રોકી દેવાયું હતું. જેમાં બેઠેલ બે ઈસમોએ પોતાના નામ પરવતસિંહ ચંદનસિંહ રાજપુત અને રાજેશ ભીમરાજ મીણા (બન્ને રહે. ચોકવાડા ગાવડાપાલ, ઉદેપુર) હોવાનું જણાવ્યું હતું. જેઓને સાથે રાખી પોલીસે પીકઅપ ડાલાની તલાશી લેતાં ડાલું ખાલી હાલતમાં જણાઈ આવ્યું હતું.જો કે પાક્કી બાતમી હોવાથી પોલીસે ડાલાની નીચેની પટ્ટીઓ ખોલી જોતા ચોર ખાનામાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેની ગણતરી કરતાં અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૪૬૫ બોટલો હોવાનું સામે આવ્યું હતું. જે અંગે બંને ઈસમોએ ચૂપકીદી સાધી લીધી હોવાથી પોલીસે રૂ. ૧.૭૧ લાખનો દારૂ, પીકઅપ ડાલું તેમજ બે મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૪.૮૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શાહીબાગ અને ખોખરામાં ગટર ઉભરાવાની સમસ્યાથી સ્થાનિકોના આરોગ્ય સામે જોખમ

શહેરના શાહીબાગ વોર્ડમાં અને ખોખરા વોર્ડમાં ગટરના પાણી ઉભરાવાની સમસ્યાથી લોકો કંટાળી ગયા છે. વાંરવાર ગટરો ઉભરાતી હોવા છતાંય મ્યુનિ તંત્ર આ મામલે અસરકારક કામગીરી કરવાના બદલે આંખ આડા કાન કરી રહ્યું છે. જેના લીધે ગંદકી થતાં રોગચાળો ફેલાવાની આશંકા સેવાઇ રહી છે.વિગતવાર વાત કરીએ તો શાહીબાગ પોલીસ લાઇનના પાછળના ભાગમાં છેલ્લા કેટલાક દિવસોથી ગટરો ઉભરાઇ રહી છે. જેના ગંદા પાણી જાહેર રોડ ઉપર ફરી વળતાં લોકોને અવરજવર કરવામાં તકલીફ પડી રહી છે. આ રસ્તાથી પોલીસ કર્મીઓ અને તેમનો પરિવાર અવરજવર કરતો હોવા છતાંય કોઇ કામગીરી કરાતી નથી. એટલે રોગચાળો ફેલાવાની આશંકા સેવાઇ રહી છે. તેવી જ રીતે ખોખરા વોર્ડમાં ગુજરાતા હાઉસિંગ બોર્ડના સર્વોદયનગરમાં આવેલા બ્લોક નંબર ૧૦ અને ૨૦માં ગટરો ઉભરાવાની સમસ્યા જાણે 'ઘર' કરી ગઇ છે. છેલ્લા ૬ મહિનાથી ઉભરાતી ગટરોથી સર્વોદયનગરના રહીશો હેરાન પરેશાન થઇ ગયા છે. ઉપરાંત વસાહતના જાહેર રસ્તામાં લગાવેલા પથ્થરો બિસ્માર હાલતમાં છે. એટલે લોકોને અવરજવર કરવામાં તકલીફ પડે છે. આ અંગે સ્થાનિકોએ મ્યુનિ.માં રજૂઆતો કરી પરંતુ તંત્ર દ્વારા કોઇ અસરકારક કામગીરી કરાતી નથી.

# ઢોર લાયસન્સ-પરમિટ માટે પાલિકા કાઉન્ટર ખોલશે

હાઈકોર્ટના દિશાનિર્દેશ બાદ રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં રખડતાં ઢોરના ત્રાસ અને નિયંત્રણ માટે જાહેર કરેલી માર્ગદર્શિકાની અમલવારી તબક્કાવાર શરૂ કરવા અ વર્ગની મહેસાણા નગરપાલિકાએ કવાયત હાથ ધરી છે. જેમાં પ્રથમ તબક્કે શહેરમાં કેટલા ઢોરમાલિક અને કેટલી ગાયો છે તે ડેટા જરૂરી હોઇ પશુપાલકોમાં લોકજાગૃતિ કેળવી પશુ રાખવા માટેની પરમિટ અને લાયસન્સ, ઢોર રજીસ્ટ્રેશન નગરપાલિકા કક્ષાએથી જરૂરી પુરાવા આપીને મેળવી લેવા જણાવાશે. આ માટે નગરપાલિકામાં અલાયદા સ્ટાફ સાથે કાઉન્ટરની વ્યવસ્થા પણ કરાશે.શહેરમાં અત્યાર સુધી માલિકીની કેટલી ગાય, આખલા છે તેની વિગતો પાલિકા પાસે નથી. પશુની ઓળખના ટેગ કે આરફીડ ચીપ કરાઇ નથી. હવે સરકારની ગાઇડલાઇન મુજબ દરેક પશુપાલકે તેમના પશુની આરફીડ ચીપ અને ટેગ કરાવી લેવું ફરજિયાત કરાયું છે. નવા લાવતાં ઢોરમાં પણ પાલિકાથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. શહેરમાં ઢોરની સંખ્યા સ્પષ્ટ થાય તો કેટલી ક્ષમતાના ઢોરવાડાની જરૂર પડશે તે મુજબ જગ્યા સંપાદન કરવા સરકારની મંજૂરી લેવાની પ્રક્રિયા થઇ શકે.

આથી નગરપાલિકા સૌપ્રથમ ઢોરમાલિકોમાં લોકજાગૃતિ કેળવી ઢોર રજીસ્ટ્રેશન અને લાયસન્સ માટે કયા પુરાવાની જરૂર રહેશે તેની વિગતો સાથે રજીસ્ટ્રેશનની સત્વરે વ્યવસ્થા શરૂ કરશે. પ્રમુખ વર્ષાબિન એમ. પટેલે કહ્યું કે, સરકારની ગાઇડલાઇનનું પાલન કરાવાશે અને તે માટે જરૂરી વ્યવસ્થાઓ સરકારના માર્ગદર્શન મુજબ ઉપલબ્ધ કરાવાશે. ઉલ્લેખનિય છે કે, પશુપાલકોએ પશુ રાખવાનું લાયસન્સ રૂ.૫૦૦ અને પરમિટ રૂ.૨૫૦ ફી ભરી લેવાની રહેશે. પશુની ઓળખ માટે ચીપ અને ટેગ લગાવવામાં પણ આવશે.શહેરના રસ્તાઓમાં રખડતાં ઢોર નિયંત્રણ માટે સરકારની ગાઇડલાઇન અંગે લોકજાગૃતિ કેળવીશું. ઢોરમાલિકોએ કેવી રીતે રજીસ્ટ્રેશન કરાવવું, લાયસન્સ મેળવવા કયા પુરાવા આપવા તેનાથી અવગત સાથે લાયસન્સ કાઢી આપવા નગરપાલિકામાં સ્ટાફ સાથે અલગ ટેબલની વ્યવસ્થા ટૂંક સમયમાં શરૂ કરાશે. આ પ્રથમ ફેઝમાં કામગીરી પછી ગાઇડલાઇન મુજબ તબક્કાવાર અમલવારી આગળ વધારીશું.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું